# મુકદ્દમા

## મુકદ્દમો માંડવાનો નિર્ણય

આ લીફલેટ મુકદ્દમો માંડવાના નિર્ણયો કેવી રીતે લેવામાં આવે છે એ સમજાવે છે.

ક્રાઉન પ્રોસિક્યૂશન સર્વિસ (CPS) ઈંગ્લેંડ અને વેલ્સની મુકદ્દમો માંડનાર મુખ્ય સત્તા છે. એના મુખ્ય પદે ડાયરેક્ટર ઑફ પબ્લિક પ્રોસિક્યૂશન (DPP) છે અને એ એક રાષ્ટ્રીય મુખ્ય કાર્યાલય અને 42 ક્ષેત્રો, દરેક સ્થાનિક પોલીસ દળ ક્ષેત્ર માટે એક, ધરાવે છે. દરેક CPS ક્ષેત્રના મુખ્ય પદે ચીફ ક્રાઉન પ્રોસિક્યૂટર હોય છે જે એ ક્ષેત્રમાંના મુકદ્દમાઓ માટે જવાબદાર હોય છે.

## વિષયવસ્તુ


| | |
|---|---|
| પૃષ્ઠભૂમિ | 1 |
| ક્રાઉન પ્રોસિક્યૂટર્સ માટેની આચારસંહિતા | 1 |
| સમીક્ષા | 2 |
| ગુનાનો ભોગ બનેલા | |
| થ્રેશોલ્ડ ટેસ્ટ | 4 |
| આરોપોની પસંદગી | 4 |
| દોષી અભ્યર્થના સ્વીકારાવી | 5 |
| ભોગ બનેલા માટે (વિક્ટિમ) સપોર્ટલાઈન | 6 |
| ફરિયાદો | 6 |

# મુકદ્દમા

## પૃષ્ઠભૂમિ

1986 માં CPS બન્યા પહેલાં, કેસને કોર્ટમાં લઇ જવા કે નહિ એ પોલીસ નક્કી કરતી હતી.

આજે, લોકો પર કોર્ટમાં મુકદ્દમો માંડવો કે નહિ એ CPS નક્કી કરે છે. પરંતુ, આક્ષેપિત ગુનાની તપાસ હજી પોલીસ જ કરે છે.

મોટા ભાગના કેસોમાં, ફોજદારી ગુનો કરનારી વ્યક્તિ પર આરોપ લગાડવો કે નહિ એ ક્રાઉન પ્રોસિક્યૂટર્સ નક્કી કરશે, અને ઉચિત આરોપ કે આરોપો મુક્કર કરશે. એવા કેસો કે જેમાં પોલીસ આરોપ નક્કી કરે છે, જે સામાન્ય રીતે નાના અને નિયમિત કેસો હોય છે, તેઓ સમાન નિયમો લાગુ પાડે છે.

અમે વિશિષ્ટ કેસ પર ક્રાઉન પ્રોસિક્યૂટર્સ માટેની આચારસંહિતા લાગુ પાડીને મુકદ્દમો માંડવો કે નહિ એ નક્કી કરીશું.

## ક્રાઉન પ્રોસિક્યૂટર્સ માટેની આચારસંહિતા

ક્રાઉન પ્રોસિક્યૂટર્સ માટેની આચારસંહિતા (ધ કોડ) એક જાહેર દસ્તાવેજ છે જે કેસો પરના નિર્ણયો લેતી વખતે ક્રાઉન પ્રોસિક્યૂટર્સે જે મૂળભૂત નિયમોને અનુસરવા જોઇએ એ સ્થાપે છે. તમે તમારી સ્થાનિક CPS ઑફિસમાંથી એની નકલ પ્રાપ્ત કરી શકો છો.

આમ તો દરેક કેસ અનોખો જ હોય છે અને એની પોતાની હકીકતો અને પાત્રતા મુજબ ધ્યાનમાં લેવો અનિવાર્ય છે, પરંતુ દરેક કેસ માટે ક્રાઉન પ્રોસિક્યૂટર્સે અનુસરવા જોઇએ એવા અમુક સામાન્ય નિયમો છે. તેઓ તટસ્થ, સ્વતંત્ર અને વસ્તુલક્ષી હોવા અનિવાર્ય છે. તેઓએ શકદાર વ્યક્તિઓ, ભોગ બનેલા કે સાક્ષીઓના વંશીય કે રાષ્ટ્રીય મૂળ, અસમર્થતા, ધાર્મિક માન્યતાઓ, રાજકીય મંતવ્યો, જાતીય અભિમુખતા કે તેઓ પુરુષ છે કે સ્ત્રી એ માટેના તેમના વ્યક્તિગત મંતવ્યોને તેમના નિર્ણયો પર અસર કરવા ન દેવા જોઇએ. સાચી વ્યક્તિ પર સાચા ગુના માટે મુકદ્દમો ચલાવાય છે એની ખાતરી કરવી એમની ફરજ છે. આમ કરવામાં, ક્રાઉન પ્રોસિક્યૂટર્સે હંમેશાં ન્યાય માટે કામ કરવું જોઇએ અને માત્ર ગુના- સાબિતી મેળવવાના હેતુસર નહિ.

**સમીક્ષા**

પોલીસ પાસેથી મળનારા દરેક કેસ પર મુકદ્દમા માટે આગળ વધવું યોગ્ય છે એની ખાતરી કરવા માટે ક્રાઉન પ્રોસિક્યૂશન સર્વિસ એની સમીક્ષા કરે છે.

મોટા ભાગના કેસોમાં, વ્યક્તિ પર ફોજદારી ગુનાનો આરોપ મૂકાવો જોઇએ કે નહિ અને જો એમ હોય, તો એ ગુનો શું હોવો જોઇએ એ નક્કી કરવા માટે ખરેખર ક્રાઉન પ્રોસિક્યૂટર્સ જવાબદાર હોય છે.

કોઇ કેસ પર કોર્ટમાં મુકદ્દમો માંડવો કે નહિ એ નક્કી કરતા સમયે, ક્રાઉન પ્રોસિક્યૂટર્સ ઉચિત સંજોગોમાં મુકદ્દમા સિવાયના વિકલ્પો ધ્યાનમાં લે છે. આમાં વયસ્કો માટે સાદી ચેતવણી, અથવા, યુવાનો માટે સખત ઠપકો કે તાકીદનો સમાવેશ થાય છે.

જ્યારે અમે પોલીસ પાસેથી ફાઇલ મેળવીએ, ત્યારે એક ક્રાઉન પ્રોસિક્યૂટર કાગળો વાંચશે અને પ્રતિવાદી સામે પર્યાપ્ત પુરાવા છે કે નહિ અને એ વ્યક્તિને કોર્ટમાં લાવવી જાહેર હિતમાં છે કે નહિ એ નક્કી કરશે. સંજોગો બદલાઇ શકે છે, માટે ક્રાઉન પ્રોસિક્યૂટરે કેસની સતત સમીક્ષા કરતા રહેવું અનિવાર્ય છે. જો ક્રાઉન પ્રોસિક્યૂટર આરોપો બદલવાનું કે કેસ અટકાવવાનું વિચારતા હોય, તો શક્ય હશે ત્યાં તેઓ પોલીસનો સંપર્ક કરશે. આ પોલીસને વધુ માહિતી આપવાની તક પૂરી પાડે છે જે કદાચ નિર્ણયને અસર કરી શકે છે.

આમ તો પોલીસ અને CPS સાથે મળીને કામ કરે છે, પરંતુ અમે એકબીજાથી તદ્દન સ્વતંત્ર છીએ અને આક્ષેપિત ગુના માટે આગળ વધવું કે નહિ એના નિર્ણય માટેની અંતિમ જવાબદારી CPS ના માથે છે.

નિર્ણયો લેતા સમયે ક્રાઉન પ્રોસિક્યૂટર્સે સ્વયંને નિમ્નલિખિત બે પ્રશ્નો પૂછવા જોઇએ

*શું પ્રતિવાદી સામે પર્યાપ્ત પુરાવા છે?*

પ્રતિવાદી સામે 'ગુના-સાબિતી માટેની યથાર્થ સંભાવના' પૂરી પાડવા માટેના પર્યાપ્ત પુરાવા હોવા અનિવાર્ય છે. ગુના-સાબિતી માટેની યથાર્થ સંભાવના એક વસ્તુલક્ષી કસોટી છે. આનો અર્થ એ છે કે, કાયદા મુજબ યોગ્ય રીતે દિશા-સૂચન મેળવેલી, જૂરી કે મેજિસ્ટ્રેટ્સની બેંચ દ્વારા, આક્ષેપિત ગુના માટે પ્રતિવાદીને ગુનેગાર સાબિત કરવાની સંભાવના, ન કરવા કરતા વધુ છે. ફોજદારી કોર્ટે લાગુ પાડવી અનિવાર્ય હોય એવી

કસોટીઓથી આ કસોટી અલગ છે. જૂરી કે મેજિસ્ટ્રેટ્સની કોર્ટને પ્રતિવાદી દોષી હોવાની પૂરેપૂરી ખાતરી હોય તો જ તેને ગુનેગાર ઠરાવવો જોઇએ.

મુકદ્દમો માંડવા માટે પર્યાપ્ત પુરાવા છે કે નહિ એ નક્કી કરતા સમયે ક્રાઉન પ્રોસિક્યૂટર્સે પુરાવા કોર્ટમાં વાપરી શકાશે કે નહિ અને ભરોસાપાત્ર છે કે નહિ એ ધ્યાનમાં લેવું અનિવાર્ય છે. આનો અર્થ એ થયો કે તેઓએ નિર્ણય પર પહોંચતા પહેલાં બધા સાક્ષીઓના પુરાવાઓની ગુણવત્તાની આકારણી કરવી અનિવાર્ય છે. કોઇ કેસ પડતો મૂકવાનો અર્થ એ નથી કે પ્રોસિક્યૂટર એક સાક્ષીને માને છે અને બીજાને નથી માનતા.

જો ગુના-સાબિતી માટે યથાર્થ સંભાવના ન હોય, તો એ ભલે ગમે તેટલો મહત્ત્વનો કે ગંભીર હોય, એ આગળ ન જ જવો જોઇએ.

જો ગુના-સાબિતી માટે યથાર્થ સંભાવના હશે, તો ક્રાઉન પ્રોસિક્યૂટર આગળનો પ્રશ્ન પૂછશે.

*CPS દ્વારા કેસને કોર્ટમાં લાવવો જન હિતમાં છે?*

આ દેશમાં એવો નિયમ કદી નહોતો કે દરેક ફોજદારી ગુના માટે આપોઆપ મુકદ્દમો માંડવો જોઇએ. આ કારણસર, ક્રાઉન પ્રોસિક્યૂટરે, દરેક કેસમાં, મુકદ્દમો માંડવા માટે જન હિતને ધ્યાનમાં લેવું જોઇએ, અને નિર્ણય લેતા પહેલાં મુકદ્દમાની તરફેણના અને વિરુદ્ધના ઘટકોની
ધ્યાનપૂર્વક અને નિષ્પક્ષપણે તુલના કરવી જોઇએ.

સામાન્ય રીતે મુકદ્દમો માંડવામાં આવશે, સિવાય કે મુકદ્દમાની વિરુદ્ધના જન હિત ઘટકો તેની તરફેણના ઘટકો કરતા ઘણા વધુ હોય.

મુકદ્દમાને અસર કરતા જન હિત ઘટકો દરેક કેસ માટે અલગ હશે. આમ જોઇએ તો, આક્ષેપિત ગુનો જેટલો વધુ ગંભીર હશે, જન હિત માટે તેના પર મુકદ્દમો માંડવાની સંભાવના એટલી વધુ હશે. આની બદલે, મુકદ્દમો માંડવાની સંભાવના ઓછી હશે જો, દા.ત., કોર્ટ લઘુતમ કે ટોકન શિક્ષા આપે એવી સંભાવવા હોય, અથવા ગુના સંબંધિત ખોટ કે ઇજા મામૂલી હતી અને એ એક અકસ્માતના પરિણામે હતી.

*ભોગ બનેલા અને જન હિત વચ્ચેનો સંબંધ*

CPS જાહેર જનતાના હિતમાં કેસો પર મુકદ્દમો માંડે છે, નહિ કે કોઇ વિશિષ્ટ વ્યક્તિના હિત માટે. આ કારણસર, ભોગ બનેલાના હિત અગત્યના હોવા છતાં મુકદ્દમો માંડવો કે નહિ એ નિર્ણય માટે એ અંતિમ વિચારવા લાયક બાબત નહિ હોઇ શકે.

પરંતુ હંમેશાં, જન હિત ધ્યાનમાં લેતા સમયે, ક્રાઉન પ્રોસિક્યૂટર્સે મુકદ્દમો માંડવો કે નહિ એ નિર્ણયની ભોગ બનેલા પર પડનારી અસરો અને ભોગ બનેલા તેમજ ભોગ બનેલાના કુટુંબે જણાવેલા મંતવ્યોને ધ્યાનમાં લેવા જોઇએ.

**થ્રેશોલ્ડ ટેસ્ટ**

અમુક એવા કેસો હોય છે જેમાં કોઇ વ્યક્તિને આરોપ બાદ જમાનત પર છોડવી ઉચિત નહિ હોય, પણ 'ગુના-સાબિતી માટેની યથાર્થ સંભાવના' સ્થાપવા માટે પુરાવા હજી ઉપલબ્ધ નથી. દા.ત. મેડિકલ કે અન્ય વિશેષજ્ઞ પુરાવા આરોપ મૂકયા પહેલાંના સીમિત સમયમાં કદાચ નહિ પ્રાપ્ત થયા હોય. પરંતુ, વ્યક્તિએ ગુનો આચર્યો છે એવી વાજબી શંકા માટે પર્યાપ્ત પુરાવા હોવા જોઇએ, અને આરોપ લગાવવો જન હિતમાં હોવો અનિવાર્ય છે. આને થ્રેશોલ્ડ ટેસ્ટ તરીકે ઓળખાય છે, અને એ આવા કેસોના આરંભિક તબકકામાં સીમિત સમયગાળા માટે લાગુ પાડવામાં આવે છે. ત્યારબાદ શકય હોય એટલી જલ્દી સંપૂર્ણ કોડ ટેસ્ટ લાગુ પાડવામાં આવશે.

**આરોપોની પસંદગી**

ક્રાઉન પ્રોસિક્યૂટર્સ જ્યારે કોઇ કેસની સમીક્ષા કરતા હોય, ત્યારે તેમણે હંમેશાં ધ્યાનમાં લેવું જોઇએ કે શું પ્રતિવાદી સામે લગાવેલા આરોપો સાચા છે. તેઓએ ખાતરી કરવી જરૂરી છે કે આરોપો ગુનાની ગંભીરતા દર્શાવે છે અને કોર્ટને પર્યાપ્ત શિક્ષા આપવાની શકિત પૂરી પાડે છે. આરોપોની પસંદગી અને સંખ્યા કેસને કોર્ટમાં સ્પષ્ટ અને સરળ રીતે સમજાવવા દે એ એટલું જ મહત્ત્વનું છે.

આનો અર્થ એ છે કે સમયાંતરે ક્રાઉન પ્રોસિક્યૂટર કદાચ પ્રતિવાદી વિરુદ્ધના આરોપો બદલી દેશે, જો એ ગુનાના સંજોગોને વધુ સારી રીતે બંધબેસતા હશે.

## દોષી અભ્યર્થના સ્વીકારવી

અમુકવાર પ્રતિવાદી કદાચ બધા આરોપોમાંથી અમુક અથવા અલગ, કદાચ ઓછા ગંભીર, ગુના માટે દોષી અભ્યર્થના કરે. ક્રાઉન પ્રોસિક્યૂટરે આના માટે ત્યારે જ સંમત થવું જોઇએ જો એમને લાગે કે કોર્ટ ગુનાની ગંભીરતા મુજબ શિક્ષા આપવા સમર્થ છે.

ક્રાઉન પ્રોસિક્યૂટર જે ન કરી શકે એ છે, જજ કે મેજિસ્ટ્રેટ્સને વિશિષ્ટ પ્રકારની શિક્ષા આપવા કહેવું.

## ભોગ બનેલા માટે (વિક્ટિમ) સપોર્ટલાઇન

જો તમને વધુ મદદ કે સહાયની જરૂરત હોય તો તમે વિક્ટિમ સપોર્ટલાઇનને આ નંબર પર ફોન કરી શકો છો:

0845 30 30 900

આ વિક્ટિમ સપોર્ટ દ્વારા ચલાવવામાં આવે છે, જે એક સ્વતંત્ર સહાયક સંસ્થા છે, જેના તાલીમબદ્ધ કર્મચારીઓ અને સ્વૈચ્છિક કાર્યકર્તા ગુનાની અસર પામેલા લોકોને ભાવનાત્મક સહાય, માહિતી અને વ્યવહારૂ મદદ પૂરી પાડે છે.

વિક્ટિમ સપોર્ટલાઇન એક સ્થાનિક ફોન નંબર છે, અને ગુનાની અસર પામેલી, ગુનાની નોંધણી થઇ હોય કે નહિ, કોઇ પણ વ્યક્તિ માટે ઉપયોગી સંપર્ક છે.

કર્મચારીઓ તમને વિક્ટિમ સપોર્ટ તરફથી ઉપલબ્ધ મફત અને ગુપ્ત સેવાઓ સમજાવી શકે છે અને તમને જરૂરી હોય તો સ્થાનિક વિક્ટિમ સપોર્ટ સ્કીમ કે વિટનેસ સર્વિસ કે અન્ય સંસ્થા સાથે સંપર્કમાં મૂકી શકે છે.

## ફરિયાદો

અમે ફરિયાદો સાથે સંવેદનશીલ રીતે, નિષ્પક્ષપણે અને વિશ્વાસ સાથે કામ કરવાનું ધ્યેય રાખીએ છીએ. જો તમારી ફરિયાદ વાજબી હશે, તો અમે માફી માંગીશું, બાબતને સરખી કરવાની કોશિશ કરીશું અને એ ફરી ન બને એ માટેના પગલાં લઇશું.

તમારો પત્ર મળયા બાદ ત્રણ કામકાજના દિવસોની અંદર અમે તમારી ફરિયાદનો જ્વાબ આપીશું. જો એ સમયગાળામાં અમે પૂરો જ્વાબ નહિ આપી શકીએ, તો તમને પત્ર મળી ગયો છે એમ જણાવીશું અને પૂરો જ્વાબ દસ દિવસની અંદર આપવાનો ધ્યેય રાખીશું.

1 જો તમારે જે રીતે કોઇ કેસ હાથ લેવામાં આવ્યો હતો એ માટે ફરિયાદ કરવી હોય, તો તમારે જે CPS કાર્યાલયે મૂળ રીતે એના પર કામ કર્યું એને લખવું જોઇએ.

જેટલી બને તેટલી વધુ માહિતી સામેલ કરો, જેમ કે
- પ્રતિવાદીનું નામ;
- કેસના મુખ્ય પ્રોસિક્યૂટરનૂં નામ;
- કઇ કોર્ટમાં કેસ પર કામ ચલાવવામાં આવ્યું હતું;
- ચુકાદાની તારીખ; અને
- તમારી પાસે હોય એવા કોઇ પણ સંદર્ભ ક્રમાંકો.

2 જો તમે સ્થાનિક ઑફિસ પાસેથી મળેલા જ્વાબથી સંતુષ્ટ ન હો, તો તમારે એ ક્ષેત્રના ચીફ ક્રાઉન પ્રોસિક્યૂટરનો સંપર્ક કરવો જોઇએ. તેઓ તમારી ફરિયાદ વાંચશે અને જ્વાબ મોકલશે.

3 જો તમે હજી પણ સંતુષ્ટ ન હો તો તમારે પબ્લિક ઇન્ક્વાયરી પોઇન્ટ દ્વારા CPS કસ્ટમર સર્વિસ યૂનિટનો સંપર્ક કરવો જોઇએ. તમે આ લીફલેટના પાછળના ભાગમાં સંપર્ક વિગતો શોધી શકો છો.

4 જે ફરિયાદોનો સ્થાનિક સ્તરે ઉકેલ નહિ આવી શકે, એને કસ્ટમર સર્વિસ યૂનિટ દ્વારા, ડાયરેક્ટર ઑફ પબ્લિક પ્રોસિક્યૂશન્સ કે CPS ચીફ એક્ઝિક્યૂટિવનો નિર્દેશ આપવામાં આવે છે, જે વ્યક્તિગત રીતે તમારી ફરિયાદ પર કેવી રીતે કામ કરવું એ ધ્યાનમાં લેશે, અને તમને જ્વાબ આપશે અથવા જ્વાબ મોકલવાની વ્યવસ્થા કરશે.

તમારા સ્થાનિક સિટિઝન્સ અડવાઇસ બ્યૂરો પાસે કદાચ ફરિયાદ કરવાના અન્ય માર્ગો વિશે વધુ સલાહ હોઇ શકે છે, અથવા તમે તમારા સ્થાનિક MPને લખી શકો છો.

ફોજદારી ન્યાય પદ્ધતિ ઘણી બધી સંસ્થાઓથી મળીને બનેલી છે. તેમાં નિમ્નલિખિતનો સમાવેશ થાય છે, જેમની સંપર્ક વિગતો સાથે આપવામાં આવી છે જે તમને કદાચ વધુ માહિતી મેળવવામાં ઉપયોગી નીવડે.

ધ હોમ ઑફિસ
પબ્લિક ઇન્કવાયરી સર્વિસ
ટેલિ: 020 7273 2251.
વેબસાઇટ: http://www.homeoffice.gov.uk

ધ ડિપાર્ટમેન્ટ ફોર કન્સ્ટિટ્યૂશનલ અફેયર્સ
ટેલિ: 020 7210 8500.
વેબસાઇટ: http://www.open.gov.uk/lcd/index.htm

કોર્ટ સર્વિસ
ટેલિ: 020 7210 2269.
વેબસાઇટ: http://www.courtservice.gov.uk

ધ અસોસિએશન ઑફ ચીફ પોલીસ ઓફિસર્સ (ACPO)
ટેલિ: 020 7227 3434.
ઇ-મેલ: acpo@acpo.police.uk

નેશનલ ઑફિસ ઑફ વિક્ટિમ સપોર્ટ
ટેલિ: 020 7735 9166.

યુથ જસ્ટિસ વેબસાઇટ
http://www.youth-justice-board.gov.uk

નેશનલ અસોસિએશન ફોર ધ કેર એન્ડ રિસેટલમેન્ટ ઑફ ઓફેન્ડર્સ:
ટેલિ: 020 7582 6500.

# મુકદ્દમા

CPS પબ્લિક ઇન્ક્વાયરી પોઇન્ટ CPS વિશે સામાન્ય માહિતી તેમજ કોને સંપર્ક કરવો એના વિશે સલાહ આપી શકે છે. યૂનિટ તમને કાનૂની સલાહ નહિ આપી શકે પણ કદાચ તમને વ્યવહારુ માહિતી આપી શકે છે.

CPS પબ્લિક ઇન્ક્વાયરી પોઇન્ટ
ટેલિ: 020 7796 8500.
અમે કદાચ ફોન કૉલ્સ રિકૉર્ડ કરીશું
પૂછપરછ અને ટિપ્પણીઓ માટે ઇ-મેલ સરનામા:
enquiries@cps.gsi.gov.uk
ફરિયાદો અહિયા પણ મોકલી શકો છો:
complaints@cps.gsi.gov.uk

અમારી કમ્યૂનિકેશન્સ બ્રાંચ પાસે CPS વિશે ઘણા મફત પ્રકાશનો છે. કૃપા કરીને તમારી સ્થાનિક CPS એરિયા ઑફિસને અથવા અહીં સંપર્ક કરો:

CPS Communications Branch
50 Ludgate Hill, London. EC4M 7EX.
ટેલિ: 020 7796 8442.
વેબસાઇટ: http//www.cps.gov.uk

તમે આ લીફલેટ બ્રેઇલમાં, અન્ય
ભાષાઓમાં, કે ઑડિયોટેપમાં મેળવી શકો છો.
વિગતો માટે તમારી સ્થાનિક CPS ઑફિસનો સંપર્ક કરો